અપીલ અરજી નં.૩૬૧ તા.૨૪–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧–૧૧ની આઈ.ડી નં.૧૧૦૦ થી ૧૧૦૪ તેમજ તા.૯–૨–૧૧ ના રોજ આઈડી નં. ૧૧૮૯ થી જરૂરી માહિતી અધિકાર –૨૦૦૫ ના પ્રકરણ–૧ કલમ–૨ ની વ્યાખ્યાઓ (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અભિપ્રાય આપવામાં ન આવતો હોય તે બાબત.

સંદર્ભ:–અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૧/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧–૧૧ની આઈ.ડી નં.૧૧૦૦ થી ૧૧૦૪ તેમજ તા.૯–૨–૧૧ ના રોજ આઈ ડી નં. ૧૧૮૯ થી જરૂરી માહિતી અધિકાર –૨૦૦૫ ના પ્રકરણ–૧ કલમ–૨ ની વ્યાખ્યાઓ (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અભિપ્રાય આપવામાં ન આવતો હોય તે બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૬ તા.૫–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની વિગતો અપીલમાં કે અપીલ સાથે રજુ કરેલ નથી જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૫૧ તા.૧૮–૩–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭ ૪ તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી આઈ ડી નં.૧૧૦૦ થી ૧૧૦૪ તેમજ ૧૧૮૯ થી જે માહિતી માંગેલ તેના પુરાવારૂપે અરજદારે તા.૨૦–૧–૧૧ ના રોજ એસ.એચ. દેસાઈની આઈ ડી નં.૧૧૦૦ ની માહિતી માંગતી મુળ અરજીની નકલ, આઈ ડી નં.૧૧૦૦ ની ભર્યાની રસીદની નકલ, નં.ટીડીઓ નં.૩૬૧૪ તા.૨૫– ૧૧–૦૮ ની નકલ, યુઝ ઝોન ટેબલ, આઈ ડી નં.૧૧૦૦ ની અરજી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૪૯૨ તા.૨૧–૧–૧૧ થી આરોગ્ય, શહેર વિકાસ અને ફાયરમાં તબદીલ થયા અંગેના પત્રની નકલ , સેન્ટ્રલઝોન તરફથી આઈ ડી નં.૧૧૦૦ ની આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૬૭૩ તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ, શહેર વિકાસ તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૭૬૦ તા.૧૫–૨–૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીને તા.૧૯–૨–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, આઈ ડી ન.૧૧૦૧ તા.૨૦–૧–૧૧ ની મુળ અરજીની નકલ , ૧૧૦૧ ની ફી ભર્યાની રસીદની નકલ, આઈ ડી નં.૧૧૦૧ આરોગ્ય શહેર વિકાસ અને ફાયર વિભાગમાં સેન્ટ્રલઝોનના પત્ર નં.૧૪૮૯ તા.૨૧–૧–૧૧ થી તબદીલ થયા અંગેના પત્રની નકલ, આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૧૪ તા.૩૧–૧–૧૧ થી શહેર વિકાસને તબદીલ થયા અંગેના પત્રની નકલ, ફાયર વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફબી/એસપી/૨૦૬૨ તા. ૫–૨–૧૧ ના પત્રનીન કલ, શહેર વિકાસ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૭૫૯ તા.૧૫–૨–૧૧ ના પત્રની નકલ, તેમજ ૪૭૫૯ ના પત્રના અનુસંધાને રૂા.૬/– રસીદ નં.૨૧૦૭૮૫ તા.૧૯–૨–૧૧ ના રોજ ભરપાઈ કર્યા અંગેની પહોંચની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૪ તા.૨–૨–૧૧ ના પત્રની નકલ, આઈ ડી નં.૧૧૦૨ તા.૨૦–૧–૧૧ ની મુળ અરજીની નકલ, આઈ ડી નં.૧૧૦૨ સે.ઝોન/આરટીઆઈ/૧૪૯૦ તા.૨૧–૧–૧૧ ના રોજ શહેર વિકાસ , આરોગ્ય અને ફાયરને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, આરોગ્ય તરફથી જાવક નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૧૫ તા.૩૧–૧–૧૧ થી શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ફાયર વિભાગ તરફથી એફબી/એસપી/૨૦૬૩ તા.૫–૨–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારે તા.૧૯–૨–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને પાઠવેલ પત્રની નકલ, શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૭૫૭ તા.૧૫–૨–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૫ તા.૨૨–૨–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, આઈ ડી નં.૧૧૦૩ તા.૨૦–૧–૧૧ ના રોજ કરેલ મુળ અરજીની નકલ, આઈ ડી નં.૧૧૦૩ રસીદ નં.૧૭૩૭૩૫ થી અરજી ફી ભર્યા અંગેની રસીદની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આઈ ડી નં.૧૧૦૩ પત્ર ન.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૯૧ તા.૨૧–૧–૧૧ થી આરોગ્ય, શહેર વિકાસ અને ફાયરને તબદીલ થયા અંગેના પત્રની નકલ, આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૧૬ તા.૩૧–૧–૧૧ થી શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ચીફ ફાયર ઓફિસર તરફથી એફબી/એસપી/૨૦૬૪ તા.૫–૨–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૭૫૬ તા.૧૫–૨–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા અરજદારે માહિતી

મેળવવા માટે રૂા.૬/– રસીદ નં.૨૧૦૭૮૪ તા.૧૯–૨–૧૧ ના રોજ ભરપાઈ કર્યા અંગેની રસીદની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોનઆરટીઆઈ/આ.નં.૧૬૭૬ તા.૨૨–૨–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, આઈ ડી નં.૧૧૦૪ તા.૨૦–૧–૧૧ ની મુળ અરજીની નકલ, આઈ ડી નં.૧૧૦૪ ની અરજી ફી ભરપાઈ કર્યા અંગેની રસીદ નં.૧૭૪૭૩૬ તા.૨૦–૧–૧૧ ની ફી ભરપાઈ કર્યા અંગેની નકલ, સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪ ૮૮ તા.૨૧–૧–૧૧ થી આરોગ્ય શહેર વિકાસ અને ફાયરને તબદીલ થયા અંગેના પત્રની નકલ, આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.જાવક/પીએચડી/આઅ/પીઆઈ/૪૧૭ તા.૩૧–૧–૧૧ ના પત્રની નકલ, ફાયર ખાતા તરફથી અરજદારને ઓપલી માહિતી અંગે પત્ર નં.એફબી/એસપી/૨૦૬૫ તા.૫–૨–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૭ તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારને જાહેર માહિતી અધિકારીને તા.૧૯–૨–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૭૫૮ તા.૧૫–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની આઈ ડી નં. ૧૧ ૮૯ તા.૯–૨–૧૧ ની અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આઈ ડી નં.૧૦૧૧ તા.૩–૧–૧૧ ની અરજી બાબતે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૧૫ તા.૨૮–૧–૧૧ ના પત્રની નકલ, આઈ ડી નં.૧૧૮૯ સેન્ટ્રલઝોન તરફથી ઓપલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૬૩ તા.૧૯–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની આઈ ડી નં. ૧૧૮૯ ની અપીલ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૧–૧૧ ની અરજીથી આઈ ડી નં.૧૧૦૦ થી ૧૧૦૪ તથા તા.૯–૨–૧૧ ના રોજ આઈ ડી નં.૧૧૮૯ થી જરૂરી માહિતી તેમજ અભિપ્રાય માંગેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના કાયદામાં અભિપ્રાય આપવાની જોગવાઈ નથી તેવું જણાવેલ જે ખરેખર ખોટુ છે તેવું જણાવી અરજદારે અરજી સાથે માહિતી પ્રાપ્તિના હકનો કાયદો–૨૦૦૫ ની કલમ–૨(એફ)" માહિતી" એટલે કોઈ પણ સ્વરૂપનું કોઈ પણ સામગ્રી અને તેમાં રેકોર્ડસ, દસ્તાવેજ, મેમો, ઈ–મેઈલ, અભિપ્રાયો, સલાહ, અખબારી યાદીઓ, પરિપત્રો, હુકમો, લોગબુકસ, કરારો, અહેવાલો, કાગળો, નમુનાઓ, પ્રતિકૃતિઓ, કોઈ પણ ઈલેકટ્રોનીક સ્વરૂપમાં એકત્રિત ડેટા સામગ્રી અને કોઈ પણ ખાનગી તં ત્રના સંદર્ભની માહિતી કે જે અમલમાં હોય એવા અન્ય કાયદા હેઠળના જાહેર સત્તા મંડળ ધ્વારા સુલભ થઈ શકે તેમ હોય" તેવી નકલ રજુ કરેલ છે જેમાં અભિપ્રાયો આપવાની જોગવાઈ બતાવવામાં આવેલ છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી તેનું પાલન કરતાં નથી અને અભિપ્રાય આપતા નથી. શા માટે તેવું જણાવી તા.૨૪–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી પર જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને તેની જાણ કરવામાં આવે તેવી રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૯–૨–૧૧ ની આઈ ડી નં.૧૧૮૯ ની અરજી સામે આપવામાં આવેલી માહિતી ખોટી છે અને છુપાવવામાં આવેલ છે તેમ કરીને પણ અપીલ અરજી કરેલ છે. જેમાં આરટીઆઈ એકટની જોગવાઈનો ભંગ કાનૂની હુકમ તથા અભિપ્રાય આપવાની જોગવાઈ છતાં અભિપ્રાય આપતા નથી. સુરત મહાનગરપાલિકા, સરકારી સંસ્થાના નિયમ મુજબ દરેક વિભાગમાં રેકર્ડ રાખવાની હોય છે. જેના અનુસંધાને સુરત મહાનગરપાલિકાએ રેકર્ડ વિભાગ બનાવેલ છે અને રેકર્ડ સાચવવામાં આવે છે તેમ છતાં ગેરમાર્ગે દોરવામાં આવે છે. સેન્ટ્રલઝોન તથા ઉધનાઝોન વિસ્તારમાં ગલીએ ગલીએ જરી ગીલીટના એકમો ચાલે છે આ તમામ એકમોની નોંધણી ગુમાસ્તા વિભાગમાં થાય છે અને કરવામાં પણ આવે છે. આ તમામ એકમોવાળા પાસે વ્યવસાયવેરો પણ વસુલ કરવામાં આવે છે તેમ છતાં રેકર્ડ નથી તેવું ખોટું જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. અરજદારની આઈ ડી નં.૧૧૮૯ તા.૯–૨–૧૧ ની અરજીથી અરજદારે અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીમાં અરજદારે સેન્ટ્રલઝોનમાં ચાલતાં જરી ચાંદીના ગીલીટ તેમજ જરી ગીલીટના બાકડાઓની ટોટલ સંખ્યા કેટલી અને તેમાં કાયદેસર કેટલા અને ગરેકાયદેસર કેટલા છે. સેન્ટ્રલઝોનના વડા હોવાથી તેનો અભિપ્રાય આપો. તેવી અરજી સામે જાહેર માહિતી અધિકારીએ ઉપરોકત રેકર્ડ ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના આરોગ્ય ખાતાના રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. જેના પૂરક પ્રશ્નમાં સેન્ટ્રલઝોનના પાસે તા.૩–૧–૧૧ ની અરજીથી આઈ ડી નં.૧૦૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ છે તેમાં જણાવવામાં આવેલ છે રેકર્ડ ઉપર માહિતી નથી. તો કયા અધિકારીના ટાઈમમાં આ રેકર્ડ ગુમ થયો છે તેનો અભિપ્રાય આપો. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ બાકડાઓની સંખ્યા અને ગેરકાયદેસર બાકડાઓ રેકર્ડ ઉપર ન હોવાનું જણાવેલ છે. તેમાં માહિતી ગુમ થઈ હોય અને રેકર્ડ નથી તેવું જણાવેલ નથી. અને તેથી કયા અધિકારીના સમયમાં ગુમ થયેલ હોય તેવું જણાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. કે રેકર્ડ ગુમ થયાનો અભિપ્રાયનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય નહીં. જયારે અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી પરિપ્રેક્ષ્યની બહાર ઉપસ્થિત કરેલ કલમ–૨(એફ)નો અભિપ્રાય, આરટીઆઈ જોગવાઈનો ભંગ, અને સેન્ટ્રલઝોન સિવાયના ઉધનાઝોન વિસ્તારની રજૂઆત વિગેરે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

અરજદારની તા.૨૦–૧–૧૧ ની આઈ ડી નં.૧૧૦૦ ની કરેલ અપીલ બાબતે અરજદારની મુળ અરજી નથી. જેમાં મુળ અરજદાર સીમાબેન હેમંતભાઈ દેસાઈ છે અને તેમની અરજી સામે તેઓએ અપીલ કરેલ છે આરટીઆઈ ના કાયદા અને નિયમોની જોગવાઈ સાથે સુસંગત નથી જેથી તે અપીલ ગ્રાહય રાખવાનો પ્રશ્ન અસ્થાને છે. અરજદારની અરજીના આઈ ડી નં.૧૧૦૧ થી ૧૧૦૪ બાબતે અરજદારે અપીલ અરજીમાં યુઝ ઝોન ટેબલના ટાઈપ ઓફ ડેવલપમેન્ટ ફોર વીચ ધ ઝોન ઈઝ પ્રીલીમનરી ઈન્ટેડેડ ના શિર્ષક હેઠળ કોલમ–૩ ડી ની જોગવાઈઓ "Cottage industries not involving of or installation of any machinery driven by power of any kind and which do not create noise vibrations

fume dust etc. provided that such home occupations and cottage industries shall not be permissible in the tenement dwellings or flats service establistment (residential) light home workshop etc. lodging house boarding house etc." જોગવાઈ જણાવી કારખાનુ બંધ કરી જવાબદારી સબંધિત વિભાગના અધિકારીઓની આવે છે કે નહીં તેના રેકર્ડની મેન્યુઅલ આધારીત અભિપ્રાય આપવો. જે બાબતે અરજદારની આઈ ડી નં.૧૧૦૧ થી ૧૧૦૪ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી સદર ચારેય અરજીઓ તા.૨૧–૧–૧૧ થી આરોગ્ય અધિકારી, શહેર વિકાસ અને ફાયર ઓફિસરશ્રીને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે ઈ.ચા. ડે. કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી સદર ચારેય અરજીઓ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. ઈ.ચા. ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી સદર ચારેય અરજીઓ બાબતે માંગવામાં આવેલી માહિતી સંદર્ભે "તમોએ કરેલ અરજીમાં જણાવ્યા મુજબની કાર્યવાહી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી નથી." તેવું અરજદારને જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતી આપવાની હોય છે કોઈ પણ જાતનો અભિપ્રાય આપવાનો હોતો નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી આઈ ડી નં.૧૧૦૧ બાબતે ટીડીઓ નં.૪૭૫૯ તા.૧૫–૨–૧૧ થી સદર અરજીમાં જણાવેલ ૪/૨૮૪ વાળી મિલ્કત સંદર્ભે માંગવામાં આવેલ માહિતી અન્વયે બાંધકામોના નિયંત્રણ અંગે શહેર વિકાસ તરફથી તેમજ ઝોન કક્ષાએથી નિયંત્રણ અંગેની કાર્યવાહી કરવા અંગે કચેરી હુકમ નં.૪૭૯ તા. ૯–૫–૦૫ તથા પરિપત્ર નં.ટીડીઓ/૪૮૦૯ તા.૫–૨–૦૮ ની નકલ મેળવવા જણાવેલ. આઈ ડી નં.૧૧૦૨ થી ૧૧૦૪ અંગે પત્ર નં.ટીડીઓ/૪૭૫૭ અને ૪૭૫૬ તા.૧૫–૨–૧૧ થી સદર અરજીમાં જણાવેલ વોર્ડ નં.૪ નોંધ નં.૩૦૭,૩૩૬,૩૫૨/બી, ૩૭૩, ૪૪૬,૪૩૩ ,૪૭૨,૪૬૨,૨૧૦,૨૭૦,૨૭૬ વાળી મિલ્કત સંદર્ભે માંગેલ માહિતી અન્વયે બાંધકામ નિયંત્રણ અંગે શહેર વિકાસ વિભાગ તેમજ ઝોન કક્ષાએથી નિયંત્રણની કાર્યવાહી કરવા અંગેકચેરી હુકમ નં.૪૭૯ તા. ૯–૫–૦૫ તથા પરિપત્ર નં.ટીડીઓ/૪૮૦૯ તા.૫–૨–૦૮ ની નકલ મેળવવા જણાવેલ. જે અરજદારે રૂ.૬/– ટીડીઓ નં.૪૬૫૬ તા.૧૫–૨–૧૧ થી આપેલ માહિતી સંદર્ભે તા.૧૯–૨–૧૧ ના રોજ રસીદ નં.૨૧૦૭૮૪ થી ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે રાજય સરકારના શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગના તા.૨–૯–૦૪ ના નોટીફીકેશન નં.જીએચ/વી/૧૦૦ ઓફ ૨૦૦૪/ ડીવીપી/૧૪૦૩/૩૩૦૭/એલ થી સુરત મહાનગરપાલિકાના વિસ્તારના પુનરાવર્તિત વિકાસ નકશા તથા સંલગ્ન પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોને મંજુરી આપેલ છે અને તેનો અમલ તા.૧૫–૪–૦૯ થી શરૂ થયેલ છે. જે અંગે કચેરી હુકમ નં.ટીડીઓ/૪૭૯ તા.૯–૫–૦૯ થી કરવામાં આવેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકામાં ઝોન પધ્ધતિ અમલમાં આવ્યા બાદ સત્તા વિકેન્દ્રીકરણ અંગે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને કામગીરી બાબતે પરિપત્ર નં.ટીડીઓ/૪૮૦૯ તા.૫–૨–૦૮ થી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મંજુર થતાં હાઈરાઈઝ તથા કોમર્શીયલ બિલ્ડીંગોના બાંધકામનું નિયંત્રણ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી કરવાનું રહે છે. પરંતુ પરવાનગી મેળવ્યા વગરના શરૂ થતાં તમામ પ્રકારના (હાઈરાઈઝ તથા કોમર્શીયલ બાંધકામો સહિત)ફકત મંજુર થયેલ હાઈરાઈઝ તથા કોમર્શીયલ બિલ્ડીંગોના નિયંત્રણની કામગીરી જ મધ્યસ્થ શહેર વિકાસ ખાતા તરફથી કરવાની રહે છે. એટલે કે આ પ્રકારના મંજુરી મેળવ્યા પહેલા શરૂ કરી દેવાયેલ બાંધકામો અંગે પણ આવા બાંધકામોની રજાચિઠ્ઠી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી અપાયેલ હોવાની જાણ જે તે સબંધિત ઝોન કચેરીને કરી દેવામાં આવે ત્યાં સુધી જે તે સબંધિત ઝોન કચેરીએ જરૂરી કાર્યવાહી કરવાની રહે છે. તથા પરિપત્ર નં.ટીડીઓ/૮૩૫ તા. ૧–૬–૦૫ થી ૧૨.મી થી મોટા રસ્તા ઉપર આવેલ પ્લોટોમાં ફકત રહેઠાણના હેતુના સ્વતંત્ર,લો–રાઈઝ બિલ્ડીંગ ફકત ગ્રાઉન્ડ ફલોર ઉપર દુકાનો અને ઉપરના ફલોર ઉપર ફકત રહેઠાણના હેતુના સ્વતંત્ર લો–રાઈઝ બિલ્ડીંગ તથા સ્વતંત્ર લો–રાઈઝ ઈન્ડસ્ટ્રીયલ બીલ્ડીંગોના બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ પણ જે તે સબંધિત ઝોન કચેરીમાં સ્વીકારીને જે તે ઝોનલ અધિકારીશ્રી/ કાર્યપાલક ઈજનેરશ્રી આવી અરજીઓ સબંધે નિર્ણયો કરવા રહેશે. તથા આવા બાંધકામોનું નિયંત્રણ રાખવા, તબકકાવાર બાંધકામની પરવાનગી આપવા તથા વસવાટની પરવાનગી આપવા સબંધેની તમામ કાર્યવાહી જે તે સબંધિત ઝોન કચેરીમાંથી કાર્યપાલક ઈજનેર/ઝોનલ ઓફિસરશ્રીની મંજુરીથી કરવાની રહેશે. જે નકલો અરજદારે મેળવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં ગુમાસ્તા વિભાગ ધ્વારા મુંબઈ દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ હેઠળ સંસ્થાના માલિક/ભાગીદારો ધ્વારા સંસ્થાની નોંધણી કરાવવામાં આવેલ છે. યુઝ ટેબલ ૧,૨ અને ૩ મુજબ કારખાના બંધ કરવાની જવાબદારી સેન્ટ્રલઝોન ગુમાસ્તાવિભાગને લાગુ પડતી નથી . તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોના સંદર્ભે પોતાનો પક્ષ રજૂ કરેલ નથી. આમ અરજદારની મુળ તકરાર આરટીઆઈ એકટની કલમ–૨(એફ) હેઠળ અભિપ્રાયો આપવા બાબતેની છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અભિપ્રાયો આપવાના રહેતા નથી તેવું જણાવેલ છે. જયારે અરજદાર તરફથી કાયદાની કલમ ટાકીને સદરહુ માહિતી ખોટી આપ્યાનો દાવો કરેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે કાયદાકીય અર્થઘટનના પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી તેમ કરવાની સત્તા સામાન્ય રીતે સક્ષમ અદાલતને હોય છે આથી અરજદાર પોતાના દાવાને પોતાના જ અભિપ્રાયથી સમર્થન આપી ખોટી હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં અત્રે માહિતીનું સ્વરૂપ અભિપ્રાયરૂપે રહેલું હોય અને જો તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને જાહેર માહિતી અધિકારીના તાબા હેઠળ હોય ત્યારે તે પૂરી પાડવાની રહે છે નહીં કે કાયદાકીય અભિપ્ર ાયો સર્જન કરીને આપવાનું. આથી અરજદારની કાયદાકીય અભિપ્રાય મેળવવાનો આગ્રહ આરટીઆઈના કાયદા અને જોગવાઈઓ સાથે સુસંગત નથી.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને મધ્યસ્થ શહેર વિકાસે કઈ કામગીરી કરવાની રહેશે તથા ઝોને કઈ કાર્યવાહી કરવાની રહેશે તેવી વિગતો પૂરી પડાયેલ હોઈ અરજદારે અરજીમાં જણાવેલ નિર્દિષ્ટ મિલ્કતો બાબતે લાગત ઝોન/ખાતામાં જે તે સમયે મંજુરી લેતી વખતે શેરા, રીમાર્કસ, અભિપ્રાય કે સૂચન કરેલ હોય અને જો જે તે ઝોન ખાતે ઉપલબ્ધ હોય તો અરજદારને ઈન્સ્પેકશન આપી નોંધ વિભાગના અભિપ્રાયો આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) મુજબ આપવાના રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧–૧૧ ની ચાર અરજી તથા તા.૯–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અરજદારનો અભિપ્રાય બાબતેનો આગ્રહ આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) સાથે સુસંગત નથી. તેમ છતાં સબંધિત અરજીમાં નિર્દિષ્ટ મિલ્કતો બાબતે નોંધ વિભાગમાં જે તે સમયે જે તે ઝોન / ખાતામાં ફાઈલના રીપોર્ટીંગમાં આપેલ રીમાર્કસ ,અભિપ્રાયો, સૂચન , ભલામણો હોય તેવા સ્વરૂપની માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ પૂરી પાડવાની રહે. જો અરજદાર ઈચ્છુક હોય તો તે અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી કચેરીના કામકાજના સમય દરમ્યાન ઈન્સ્પેકશન મેળવી શકે છે. જે અંગે અરજદારે લાગુ કિસ્સામાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની પ્રક્રિયા અનુસરી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર ધ્વારા સંપર્ક કર્યેથી હુકમ અનુસાર અમલવારી કરી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ આરટીઆઈના ભંગ બદલના હુકમ બાબતે પુરવાર યેથી કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે. તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી.

સીમા એચ. દેસાઈના નામની થયેલ મુળ અરજીમાં અરજીકર્તા અને અપીલકર્તા અલગ હોઈ તે અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,